Dr. Nishant Satishchandra Junnarkar

R.P.A.D.

ક્રમાંક : મકમ/ESC2/GPSC-માઈક્રોબાયોલોજી/૨૦૧૮ 8359-67
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા. 7/06/2018.

વંચાણે લીધા :::-

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા.૧૦/૦૫/૨૦૧૮નો પત્રાંક: આરસીટી/૧૦૨૦૧૬/૪૪૪૮-૧૭-આર-૭

૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૧૫/૦૫/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંક:જીસીઓ/૧૫૧૬/૧૪૪/ખ.

૩) શ્રી નિશાંત સતિશચંદ્ર જુન્નરકરએ અત્રે રજુ કરેલ સોગધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ તા.૦૮/૦૫/૨૦૧૮.

કચેરી આદેશ :::-

વંચાણે લીધેલ આમુખ-૨ અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ ખાતે માઈક્રોબાયોલોજીના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણુંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણુંક આપવા બાબતે આ કચેરીના હવાલે મુકવાના અને આમુખ-૨ ની શરતોને તથા નીચે દર્શાવેલ વિગતોને આધિન તથા આમુખ-૩ ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણુંક આપવામાં આવે છે.

| ક્રમ | મદદનીશ પ્રાધ્યાપકનું નામ | કેટેગરી | નિમણુંકવાળી કોલેજનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી નિશાંત સતિશચંદ્ર જુન્નરકર,૧૦૧,ચાણક્ય ફ્લેટ-૧, ૬બી ખડાયતનગર સોસાયટી,ગોકુલનાથજી ચોકની બાજુમાં, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૨૮. | જનરલ | સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ, જિ. સુરત |

શરતો :::-

૧) જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન શ્રી નિશાંત સતિશચંદ્ર જુન્નરકર ને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/- અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની પુરી મુદત દરમ્યાન તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપાત્ર થશે નહીં.અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપાત્ર થશે.

૨) આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

૩) સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે.